- આજનુ શિક્ષણ : વર્તમાન સમયમાં ભારતની શિક્ષણ પદ્ધતિ – જેમાં શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ, શિક્ષણની નીતિઓ અને સરકારની યોજનાઓનો સમાવેશ થાય છે.
- સમાવેશી શિક્ષણ : એવું શિક્ષણ જે દરેક જાતિ, ધર્મ, લિંગ અને વર્ગના લોકો માટે સમાન અવસરો આપે.
- શૈક્ષણિક આરક્ષણ: અનુસૂચિતજાતિ, જનજાતિ અને અન્ય પછાત વર્ગોને શિક્ષણમાં પ્રવેશ માટે આપવામાં આવતી વિશેષ તક.
- અર્થશાસ્ત્ર અને નીતિ વિષયક સંશોધન : તેમણે ભારતીય ચલણ, કર નીતિ, વસ્તી નિયંત્રણ, અને શિક્ષણ નીતિ પર સંશોધન કર્યું હતું જે આજે પણ સમાજ ના વિકાસ માટે માર્ગદર્શક છે.

➢ **કારણ :** આંબેડકરજીના વિચારો આજે પણ જીવંત છે. તેમણે જે શિક્ષણના સિદ્ધાંતો આપ્યા હતા, તે આજે પણ સમાજના વિકાસ માટે માર્ગદર્શક છે.

➢ **માહિતી :** (૧) આંબેડકરજીના મૂળ લખાણો, (૨) બંધારણ અને શૈક્ષણિક નીતિઓ, (૩) પુસ્તકો અને બાયોગ્રાફી

**જેમ કે "Dr. Ambedkar: Life and Mission"**

➢ **ઉત્કલ્પના :** આ સંશોધનના આધારે એવી ઉત્કલ્પના મૂકવમાં આવે છે કે, જો વિદ્યાર્થીઓને ડૉ. ભીમરાવ આંબેડકરના શૈક્ષણિક વિચારોનું જ્ઞાન અને માર્ગદર્શન આપવામાં આવે, તો તેમની માનસિકતા, સામાજિક જાગૃતિ અને શૈક્ષણિક દ્રષ્ટિકોણમાં સકારાત્મક પરિવર્તન આવશે.

➢ **પૃથક્કરણ :** શૈક્ષણિક વિચારધારા : આંબેડકરજીના શિક્ષણ વિશેના મૂળભૂત વિચારો - સમાનતા, સ્વતંત્રતા, અને સમાજસેવા. સામાજિક ન્યાય, શિક્ષણ દ્વારા પછાત વર્ગોને સશક્ત બનાવવાની દૃષ્ટિ.

➢ **સંશોધનના મુખ્ય પરિણામો :** આંબેડકરજીના શૈક્ષણિક વિચારો આજે પણ જીવંત છે.
શિક્ષણને સમાનતા, સ્વતંત્રતા અને સામાજિક ન્યાય માટેનું સાધન માનવું - આજની નીતિઓમાં પણ આ મૂલ્યો જોવા મળે છે. શિક્ષણમાં સમાન અવસરો માટેની નીતિઓ આંબેડકરજીના વિચારો પર આધારિત છે, જેમ કે આરક્ષણ, RTE કાયદો, NEP 2020 વગેરે.

---

**પ્રસંગ : ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન –"શિક્ષણમાં વિચાર અને ક્રિયા'' – એકવાર એક વિદ્યાર્થીએ રાધાકૃષ્ણનજીને પૂછ્યું - ''સર, શું શિક્ષણ ફક્ત પુસ્તકોમાં છે ? રાધાકૃષ્ણનજી બોલ્યા – ''ના, બેટા, શિક્ષણ એ છે કે તને વિચારવા પ્રેરણા આપે.**

**અર્થ : વિચાર અને પ્રયોગ – બંને શિક્ષણના અવિભાજય અંગ છે. ક્રિયાત્મક સંશોધન એ જ વિચારને કાર્યોમાં રૂપાંતરિત કરે છે.**

**પ્રસંગ : અલ્બર્ટ આઇન્સ્ટાઇન – ''ભૂલમાંથી શીખવું "એકવાર કોઇ વિદ્યાર્થીએ આઇન્સ્ટાઇનને પૂછ્યું, "તમે હજારો વાર નિષ્ફળ થયા, ડર લાગ્યો નહી ?" – તેઓ બોલ્યા - Didn't fail a thousand times. I found a thousand ways that didn't work**

**અર્થ : નિષ્ફળતા એ અંત નથી, તે નવી શીખવાની શરૂઆત છે- ક્રિયાત્મક સંશોધન એ જ માર્ગ બતાવે છે.**

**પ્રસંગ : ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ "સફળતા માટે સતત સુધારો" ડૉ.એ.પી.જે અબ્દુલ કલામ જયારે ઇસરોમાં વૈજ્ઞાનિક તરીકે કામ કરતાં હતાં ત્યારે પ્રથમ ઊપગ્રહ લોંચિંગ નિષ્ફળ ગયું ત્યારે ઘણા લોકો નિરાશ થઇ ગયાં. પણ કલામ સાહેબે કહ્યું . "Failure is not the opposite of success, it's part of success." તેના પછીની ટીમે પોતાની ભૂલોનું વિશ્લેષણ કર્યું. સુધારેલી યોજના બનાવી અને અગામી લોંચ સફળ થયું. ક્રિયાત્મક સંશોધનનો મૂળ હેતુ જ એ છે કે ભૂલામાંથી શીખવું, વિચારવું, સુધારવું અને ફરીથી પ્રયાસ કરવો.**